ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટવિતરણ/પોલીસી/ 15
જીઆઇડીસી
વડી કચેરી,ગાંધીનગર.
તા. 19/06/2020

## // પરિપત્ર //

**વિષય:-** અગાઉ વપરાશી અને હાલ બંધ હોય તેવી ઔધોગિક મિલકતો માટે તબદીલી અંગેની સમયબંધી નીતિ અમલમાં મૂકવા બાબત.

**સંદર્ભ:-**
(૧) ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:અપબ /૧૦૨૦૨૦/ ૧૦૮/ ૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /પોસ્ટ વિતરણ/પોલીસી/૮૯, તા.૦૬/૦૭/૨૦૧૭
(3) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ/ સીઆઇઆર /પોસ્ટ વિતરણ/પોલીસી/૧૦૬, તા.૨૧/૦૭/૨૦૧૭
(૪) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /વિતરણ /પોલીસી/૦૨, તા.03/01/૨૦૧૮
(૫) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /વિતરણ /પોલીસી/૧૭, તા.૨૯/૦૫/૨૦૧૮
(૬) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /પોસ્ટ વિતરણ /પોલીસી/૩૫, તા.૨૭/૧૨/૨૦૧૮

નિગમ દ્વારા પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પોસ્ટ વિતરણ/૮૯ તા. ૦૬/૦૭/૨૦૧૭ થી તમામ પ્રકારની મિલકતો માટે તબદીલી અંગેની નીતિ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ સમયાંતરે સુધારા પરિપત્ર જારી કરવામાં આવેલ છે. પ્રવર્તમાન તબદીલી નીતિમાં કુલ-3 કેટેગરીનો સમાવેશ થાય છે. જેમાં કેટેગરી-૨ હેઠળ અગાઉ વપરાશી હોય, પરંતુ હાલ બંધ અથવા નિગમના નીતિ નિયમ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી તેવા પ્લોટ/શેડનો સમાવેશ થાય છે. સદર

કેટેગરી હેઠળ તબદીલી ફી ૧૫% લેખે અને વણવપરાશી દંડ પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૨ ટકા લેખે વણવપરાશી દંડની રકમ વસુલ લેવાની જોગવાઇ છે. નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/પોસ્ટ વિતરણ/ પોલીસી/૩૫, તા. ૨૭/૧૨/૨૦૧૮ થી 3000 ચો.મી. સુધીનો વિસ્તાર ધરાવતા ઔદ્યોગિક એકમો માટે કેટેગરી-૨ હેઠળ વણવપરાશી દંડની રકમ મહત્તમ ૧૦ % લેખે વસુલ લેવાનું ઠરાવવામાં આવેલ છે.

વિવિધ એસોસીએશન દ્વારા નિગમને અગાઉ વપરાશી અને હાલ બંધ હોય તેવી ઔદ્યોગિક મિલકતો માટે નીતિ વધુ સરળ બનાવવા રજૂઆતો કરવામાં આવેલ. નિગમની વિવિધ વસાહતોમાં અગાઉ વપરાશી હોય અને હાલ બંધ હોય તેવી મિલકતો નિગમના ધ્યાને આવેલ, જે મિલકતો બ્લોકડ અપ પડી રહેલ હોઇ, મિલકતની ઝડપથી તબદીલી થાય, નવા ઉદ્યોગકારો આવે, નવી રોજગારીનું સર્જન થાય અને ઉદ્યોગોનો વિકાસ થાય તે હેતુસર અગાઉ વપરાશી અને હાલ બંધ હોય તેવી ઔદ્યોગિક મિલકતો માટે નીતિ અમલમાં મુકવા સારુ નિગમની ૫૦૯ સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંક:૧૫/પો.વિતરણ/૫૦૯ સાદર કરવામાં આવેલ. જેમાં થયેલ ઠરાવ ક્રમાંક:૧૪/પો.વિતરણ/૫૦૯ અન્વયે નિગમની પ્રવર્તમાન તબદીલી અંગેની નીતિ યથાવત રાખી અગાઉ વપરાશી અને હાલ બંધ હોય તેવી ઔદ્યોગિક મિલકતો માટે નીચે મુજબની સમયબંધી નીતિ અમલમાં મુકવામાં આવે છે.

<table>
<tr><th colspan="2">અનૌપચારિક પ્રકારની તબદીલી</th></tr>
<tr><th colspan="2">ઔધોગીક પ્રકારની મિલકતો કે જે અગાઉ વપરાશી હોઈ, પરંતુ હાલ બંધ હોય.</th></tr>
<tr><th colspan="2">કેટેગરી-૨</th></tr>
<tr><td>તબદીલી ફી<br>(પ્રવર્તમાન વિતરણ દરના)</td><td>વણવપરાશી દંડ<br>(પ્રવર્તમાન વિતરણદરના)</td></tr>
<tr><td>૧૦%</td><td>• અરજી તારીખથી છેલ્લા બે વર્ષમાં યુનિટ બંધ થયેલ હોય તો, કોઈ વણવપરાશી દંડની રકમ વસુલવાની રહેશે નહીં.<br>• અરજી તારીખથી છેલ્લા બે વર્ષ કરતાં વધારે સમયથી યુનિટ બંધ થયેલ હોય તો, ઉચ્ચક ૫% વણવપરાશી દંડની રકમ વસુલવાની રહેશે.</td></tr>
</table>

**કેટેગરી-૨ માટે વપરાશના પુરાવા તથા નિયમો અને શરતો :**

(૧) તબદીલી કરનાર દ્વારા જ સદર મિલકતનો વપરાશ કર્યા અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. જેમાં કોઈપણ બે વર્ષના પુરાવા રજૂ કરવાના રહેશે કે જેના પરથી કહી શકાય કે યુનિટ કાર્યરત હતું. જેમાં વીજ બીલ અને સેલ્સ ટેક્સ ચલણ પૈકી કોઈ એક પુરાવો તથા પાણીના બીલ, એકસાઇઝ ચલણ અને ઇન્કમટેકસ રીટર્ન પૈકી કોઈ એક પુરાવો રજુ કરવાનો રહેશે.

(૨) ઓછામાં ઓછું ૨૦% ગ્રાઉંડ કવરેજ બાંધકામ અથવા જીઆઈડીસી દ્વારા મંજૂર કરવામાં આવેલ બાંધકામના નકશા મુજબ ફાળવણીદાર દ્વારા બાંધકામ કરવામાં આવેલ હોય. (નિગમના નીતિ નિયમ મુજબ અપવાદરૂપ કિસ્સાઓમાં બાંધકામમાં છૂટછાટ મળવાપાત્ર થશે).

(3) તબદીલીથી લેનારને મિલકત તબદીલીના આખરી હુકમથી ત્રણ વર્ષનો મોરોટોરિયમ સમય મળશે અને તે સમયમાં તબદીલીથી લેનાર ઉત્પાદનમાં આવેલ હોવો જોઈએ તથા તે અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. સદર મોરોટોરિયમ સમય દરમિયાન મિલકતની તબદીલી થઈ શકશે નહીં.

(૪) સદર નીતિ પરિપત્ર જારી થયાના ૬ મહિનાના મર્યાદીત સમય માટે અમલમાં રહેશે. ત્યારબાદ જીઆઇડીસી દ્વારા જીપીપી એક્ટ મુજબ મિલકતોના કબજા પરત લેવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

-સહી-

**(એમ.થેન્નારસન)**

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.

(3) મેનેજરશ્રી (એસએન્ડએ),જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)